Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૧ · તા. ૨૬ જુલાઈ થી ૦૧ ઑગસ્ટ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

K.D.O STUDENTS ASSOCIATION

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઈ

Like us on f : www.facebook.com/shreekdostudentsassociation

60 Shree KDO Students Association

Estd. 15th August 1954

60 ષષ્ઠીપુર્તિ ઉજવણી પ્રસંગે

# સંકલ્પનામું

નેત્રદાન સંકલ્પ
શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ
ના ૬૦ વર્ષ ષષ્ઠીપૂર્તિ ઉજવણી પ્રસંગે
**૬૦ યુવા કાર્યકરો અને હિતચિંતકો**
મરણોત્તર નેત્રદાન કરવાનો
દૃઢ સંકલ્પ કરેલ છે.

LIGHT UP
A LIFE
**DONATE**
**YOUR**
**EYES**
LIVE LONG
AFTER
YOU
DIE

દૃઢ સંકલ્પ જે એક અંધ વ્યકિતને
નેત્ર જ્યોત પ્રદાન કરી...
આજ સંદેશ સમગ્ર સમાજને
તેમ કરવાની પ્રેરણા પ્રદાન કરે છે.



આપ પણ આપના પરિવાર સહ
આ સંકલ્પનામામાં જોડાઇ સમગ્ર
ક.દ.ઓ. સમાજને ઐતિહાસિક બનાવી
સમગ્ર જૈન સમાજ અને દુનિયાભરમાં
દૃષ્ટાંત રૂપ બની ગૌરવ પ્રદાન કરાવી શકો છો.

શ્રી અનુજ ગીરીશ લોડાયા (રવા)
પ્રમુખ-શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

### નેત્ર દાન દૃઢસંકલ્પ અભિયાન માં જોડાવવા માટે

માત્ર એક જ ફોર્મ ... માટે સંપર્ક (તા. ૨૦.૦૮.૨૦૧૪ સુધી)

**ડોંબિવલી (પૂર્વ)**
કુ. શ્રૃષ્ટિ કિરીટ લોડાયા (સાંયરા)–9702605873
શ્રી રાકેશ અભય મૈશેરી (નાની સિંધોડી)–7208000294

**ડોંબિવલી (પશ્ચિમ)**
શ્રી શુભમ મહેન્દ્ર લાપસીયા (દલતુંગી)–8898451456
કુ. બીના નીલેશ મૈશેરી (વારાપધર)–7506176319

**થાણા / કલવા**
કુ. ઉર્વી નીરેન લોડાયા (નલીયા)–9757422880
કુ. નીકીતા – કુ. કિંજલ ભાવેશ લોડાયા–9167672572

**મુલુન્ડ**
કુ. એકતા ઉદયન લોડાયા (મોટી સિંધોડી) 9769502277
કુ. ફોરમ ઉદય નાગડા (રાપર ગઢવારી)–9969528677

**ભાંડુપ**
શ્રી તેજસ મહેન્દ્ર ખોના (જખૌ)–8097466424
શ્રી નીરવ મહેન્દ્ર મોતા (રાપર ગઢવારી)–7666346732

**કાંજુરમાર્ગ**
કુ. પુજા નીતીન લોડાયા (વારાપધર)–8286361451
કુ. જલ્પા પ્રફુલ મોમાયા (જખૌ)–9702003644

**ઘાટકોપર**
શ્રી ઉર્મીન જયેશ લોડાયા (સુથરી)–9167060043

**મસ્જીદબંદર**
કુ. મિત્તલ તિલેશ ધરમશી (સુથરી)–9773008712

**નવી મુંબઇ**
શ્રી દિવેશ યોગેશ લોડાયા (તેરા)–9320315561

**અન્ય મુંબઇ પરાં તેમજ સંપૂર્ણ ભારતભર**
શ્રી મયંક જીતેન્દ્ર મોમાયા (સાંયરા)–9022295750
શ્રી ઉદય મહેન્દ્ર મોમાયા (વારાપધર)–8655350409

**કન્વીનર**
શ્રી હેમિલ જયેશ દંડ (વરાડીયા) – 9819985339
ધર્મીતા અનુજ લોડાયા (રવા) – 9819462131

સૌજન્ય

MOTA

માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ (મુલુન્ડ)
માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી)
માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા)

101, Manratna Business Park, Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077 (India)

# || પિતૃદેવો ભવ ||

## દ્વિતીય પુણ્યતિથીએ સસ્નેહ વંદન



**સ્વર્ગવાસ : ૨૭/૦૭/૨૦૧૨**

# સાંઘવરત્ન શ્રી મુલજી રાઘવજી લોડાયા

## ધૂપસળી

કોઈ અજાણ્યા ખૂણામાં એક માઈલ્ડ ધૂપસળી જલી રહી હોય તો જલ્દી કોઈનું ધ્યાન જતું નથી. પણ વિશ્વની સુગંધમાં આવી ધૂપસળીઓનો ફાળો અવશ્ય હોય છે. કેટલીક વ્યક્તિઓ આવી ધૂપસળીઓ જેવું જીવન જીવી જતી હોય છે. એમના નિષ્કર્ષ જીવનની ગરીમા વણનોંધાયેલી રહે છે, પણ વિશ્વમાં વ્યાપી રહેલા સદ્તત્ત્વની વૃદ્ધિમાં એમનું યોગદાન અવશ્ય હોય છે. અમારા પિતાજીને હું આવી વ્યક્તિઓમાં ગણું છું.

*સસ્નેહ વંદન*

**કાંતા મુલજી લોડાયા**

અ. સૌ. જયશ્રી અને ડૉ. કાંતીલાલ નરશી દંડ

અ. સૌ. આશા અને નરેશ લક્ષ્મીચંદ સોની

અ. સૌ. મનીષા અને બકુલ પંઢરીનાથ પાટીલ

દિનેશ - મીતુ, અમીત - ધારીણી, પૂજા, નિર્મિત, વિહા તથા

**MRL Group of Companies** નો સમગ્ર સ્ટાફ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 31/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
**શનિ./રવિ. અને જાહેર રજાના બંધ**

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


### તંત્રી સમીપે

## યુવા વિનિમય કાર્યક્રમના અનેકવિધ સૂચિતાર્થો

જ્ઞાતિના ચેન્નઈ અને મુંબઈ મહાજનના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક મહાજનોના વિવિધ વિસ્તારોમાંથી અન્ય સ્થાનિક મહાજનોના વિસ્તારોમાં ૧૯ થી ૨૭ વય જુથના જ્ઞાતિ કિશોર - કિશોરીઓ, યુવા - યુવતીઓ મુલાકાત લે અને ત્યાંના આપણા કુટુંબોના રહેણાક ફ્લેટો - બંગલા - રૂમોમાં જ બેથી ત્રણ દિવસ રોકાણ કરી તેમની રહેણીકરણીથી તેમજ ત્યાં જોવાલાયક સ્થળો અને સ્થાનિક અન્ય જ્ઞાતિજનો અને સમવયસ્ક યુવા - કિશોર વર્ગ સાથે કારકિર્દી વિષયક, ધાર્મિક અને સામાજીક દૃષ્ટિબિંદુઓથી પરસ્પર પરિચિત થાય એ પ્રકારની, જ્ઞાતિમાં અનેક નવો ચીલો પાડતી તેમજ દીર્ઘકાલીન લાભપ્રદ યોજનાઓના સંકલ્પનકાર તિલકભાઈ કુવરજી લોડાયાની આ એક ઓર સંકલ્પનાનું પ્રથમ ચરણ હવે આગામી ૧૫ થી ૧૭ ઓગષ્ટ દરમ્યાન ગતિમાન થઈ રહ્યું છે તેના પર જ્ઞાતિજનોએ સવિશેષ અપેક્ષા - ઉત્કંઠાપૂર્વક મીટ માંડી છે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર જ્ઞાતિના રાયપુર, અમદાવાદ, ગાંધીધામ બેંગ્લોર, પુના, સોલાપુર, કોચીન, કલીકટ, કેરાલા, હુબલી ગદગ, નાંદેડ, પાંચોરા, ચાલીસગામ, સાંગલી, યવતમાલ, ડીગ્રસ, જલગામ, નાસિક, નીમચ, નાગપુરના યુવા - યુવતીઓ અન્ય સ્થળોએ એટલે કે (અનુક્રમે નહીં) ચેન્નઈ, હૈદ્રાબાદ, કોઈમ્બતુર, મુંબઈ, કલક્તા અને મધ્ય પ્રદેશના મહાજનોના મહેમાન બનશે અને આગામી ઓક્ટોબરમાં આ મહેમાનોના સ્થાનિક મહાજનો વળતી દિશામાં યજમાન બનશે એ માટેનો તખ્તો હાલ રચાયો છે તે માટે ચેન્નઈ મહાજનના અને મુંબઈ મહાજનના અધિકારી વર્ગ અને યુવા કાર્યકરો જે અવિરત સંકલન પ્રયત્નો કરી રહ્યા છે તે માટે તેમને જેટલો યશ આપીએ તેટલો ઓછો છે.

હકીકતમાં, આ બંને મહાજનોએ અને તેમને સહયોગ આપનારા અન્ય મહાજનોએ આગામી દાયકાઓ સુધી જ્ઞાતિમાં યુવા - વિનિમયની આ પ્રણાલિકા સ્વયંભૂ પુનરાવર્તન પામતી રહે તેની પૂર્વભુમિકા ઘડવાનું જે અતિ મહત્વનું કદમ ઉઠાવ્યું છે તેની દૂરગામી ક્ષિતિજોની કલ્પના માત્ર પણ જ્ઞાતિજનો માટે અત્યંત રોમાંચજનક બની છે તે જ્ઞાતિ માટે આ તબકકે એક સુભગ સંયોગ છે.

આમાં પણ, જ્યાં જ્ઞાતિના માંડ દશેક કુટુંબો છે તે ચેન્નઈ મહાજને જ્ઞાતિના એનાથી મોટા કદના અન્ય મહાજનોને જાણે પડકાર આપ્યો હોય તેવી રીતે તેના પદાધિકારીઓએ આ કાર્યક્રમનો મૂળ પ્રારંભ કર્યો અને જ્ઞાતિના વિવિધ સ્થાનિક મહાજનોના અધિકારીઓ સાથે સતત સંપર્ક સાધવાની સક્રિયતાનું અનુકરણીય દૃષ્ટાંત પૂરૂં પાડયું છે તેની નોંધ લેવી જરૂરી છે.

તેવીજ રીતે, મુંબઈ મહાજનના અધિકારીઓએ જ્ઞાતિ ઐક્યના આદર્શને મૂર્તિમંત કરવા તેમજ તે માટે આવશ્યક એવા પાયારૂપ યુવા વિનિમય કાર્યક્રમને સાર્થક કરવા પોતાની યુવા ટીમને પણ સંપુર્ણ સંનિષ્ઠાથી સક્રિય કરી છે

તેની પણ નોંધ લેવી એટલી જ જરૂરી છે.

હકીકતમાં તો, મુંબઈ મહાજને કર્જત - મુંબઈમાં ડિસેમ્બર ૨૦૧૧ માં ૪૦૦ જેટલા જ્ઞાતિ યુવાઓ માટે યંગ - તરંગના માધ્યમ દ્વારા વિવિધલક્ષી કાર્યક્રમો યોજેલા તે અપુર્વ અને સત્વશીલ તો હતા જ પણ સાથે સાથે જ્ઞાતિ યુવા - કિશોર વર્ગ તેનો જ્ઞાતિપ્રવાહમાં અન્યોન્ય સાથે સંપર્ક રૂપે ઉપયોગ કરી શકે તેવી ક્ષમતા ધરાવતા હતા તે યંગ - તરંગનો દોર ઓર આગળ ધપાવવા મુંબઈ મહાજને પોતાની યુવા શક્તિનો સ્રોત જ્ઞાતિ માટે નિઃસીમ ખુલ્લો મૂકી દીધો છે અને આ યુવા વિનિમય કાર્યક્રમમાં પણ અગ્રિમ ભુમિકા ભજવી રહ્યું છે તેની ભારોભાર પ્રશંસા થવી જ જોઈએ.

આ સમગ્ર ઘટનાક્રમમાં, સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડે પ્રારંભમાં ચેન્નઈ મહાજનને સહયોગ આપવાની તૈયારી દાખવ્યા પછી ક્રમશઃ મોળો પ્રતિસાદ આપતાં, ચેન્નઈ મહાજને છેવટે મુંબઈ મહાજનનો સંપર્ક સાધતાં મુંબઈ મહાજનના અધિકારીઓએ તેનો ભરસક ઉત્સાહજનક પ્રતિસાદ આપ્યો તે જોતાં, સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડની કાર્યપદ્ધતિની વિચિત્રતા પ્રતીત થયા વિના રહેતી નથી.

સમસ્ત મહાજને આ ડિસેમ્બરમાં જ્ઞાતિ સંમેલન યોજવાનું નક્કી કર્યું છે તેમાં જ્ઞાતિનો યુવા વર્ગ ઉત્સાહપૂર્વક સામેલ થાય તેની પૂર્વભુમિકા ઊભી કરવા આ યુવા વિનિમય કાર્યક્રમ એક ચોક્કસ પરિબળ બની શકે છે તે દૃષ્ટિએ અને ખાસ કરીને જ્ઞાતિ સંમેલનના એક - અંગરૂપ ગણી શકાય એવી આ મહત્વની પ્રવૃત્તિ છે તે દૃષ્ટિએ પણ, સમસ્ત મહાજને યુવાઓના આ અરસપરસના વિનિમય કાર્યક્રમનો દોર પોતાના હસ્તક જ રાખવો જોઈએ. જો અત્યારે તે અંગે કોઈ મુશ્કેલી હોય તો છેવટે મુંબઈ અને ચેન્નઈ મહાજનો સાથે સંકલન કરી તેણે જ્ઞાતિના દરેકે દરેક મહાજનોનો સહયોગ લઈને તેને શ્રેષ્ઠતમ ઓપ આપવા કટિબદ્ધ થવું જોઈએ.

જ્ઞાતિની એકમાત્ર કેન્દ્રીય સંસ્થા તરિકે અને તેમાં પણ પાંચેક મહિના પછી મળનારા સંમેલનના આયોજક તરિકે, જ્ઞાતિની ભાવિ ધૂરા યુવાઓ સંભાળી લે તે પ્રકારના હસ્તાંતરનું પ્રારંભબિંદુ બનવા સમસ્ત મહાજનનું ટ્રસ્ટબોર્ડ અને ખાસ કરીને વર્તમાન સેક્રેટરી જનરલ અને આગામી જ્ઞાતિ સંમેલનના વરાયેલા પ્રમુખશ્રી તેમની તમામ સંયોજન શક્તિને ભરપૂર વેગથી ગતિમાન કરશે તો જ જ્ઞાતિને આગામી સંમેલનની સાત્વિક સાર્થકતાનો અહેસાસ થશે.

- રા.

## કેન્સરને મહાત કરનારા કે.ડી.ઓ.

જ્ઞાતિના સમાજ સેવિકા - સલાહકાર અલ્પા ગૌતમ ધરમશીની સંસ્થા પહેચાન કાઉન્સેલીંગ હેલ્થ કેર ગ્લોબલ હોસ્પિટલની પહેલથી કેન્સરને મહાત આપનારાઓના પ્રેરક દૃષ્ટાંત સમાજ સામે મુકવાના કામમાં સહયોગ આપી રહી છે.

ત્રણ કે.ડી.ઓ. જ્ઞાતિજનો કોઈમ્બતોરના શ્રીમતી હંસાબેન ચીમનલાલ દંડ અને શ્રી અનિલ હિરાચંદ નાગડા તેમજ ભોપાલના શ્રીમતી જ્યોતી સુધીર મોતાએ તેમના કેન્સર સામેના સંઘર્ષની પ્રેરક વિગત અલ્પાબેનને મોકલી છે. આવા અન્ય પ્રેરક દૃષ્ટાંતોને તેમ કરવા અનુરોધ કરાયો છે.

ઈચ્છુકો આ સંબંધમાં અલ્પા ધરમશીનો આ રીતે સંપર્ક કરી શકશે. મો. 09591279036 or write to alpagd@gmail.com or Pehechaan Counselling@gmail.com . A video can be recorded on whatsapp also.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ઑગસ્ટ મહિનામાં યોજાઈ રહેલ યુવા એક્સેંજ પ્રોગ્રામ સફળ થાય અને જ્ઞાતિના યુવાનો એક બીજાની નજીક આવે જેથી આપણું ભવિષ્ય ઉજ્જવળ થાય તેવી શુભેચ્છા.
- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

# ક.દ.ઓ. મોતા પરિવારના યુવાઓ જોગ

## નવરાત્રિમાં તેરામાં કુળદેવીના દર્શન કરી
## કચ્છ દર્શનમાં જોડાવવા આમંત્રણ

આપણા યુવાઓને માદરે વતન ગામ - દેરાસર - લગ્ન નાં પ્રસંગે કચ્છ આવવાનું થાય. પરંતુ વતન અને તીર્થસ્થાનો સિવાય કચ્છની ભાતીગળ તવારીખ / ઈતિહાસના પ્રાચીન / અવાચીન સ્થળો જોવાનું / જાણવાનું બનતું નથી. આ ખ્યાલને ધ્યાનમાં રાખી ગત સમૂહ પહેડીમાં યુવાઓને નવરાત્રીએ કુળદેવીના દર્શને પધારવા સાથે કચ્છ દર્શન કાર્યક્રમમાં જોડાવવા વિનંતી કરાઈ હતી.

આ નવરાત્રીમાં તા. ૨ ઓક્ટોબર (મહાત્માગાંધી જયંતી), તા. ૩ ઓક્ટોબર (દશેરા), તા. ૪ ઓક્ટોબર (શનિવાર), તા. ૫ ઓક્ટોબર (રવિવાર), તા. ૬ ઓક્ટોબર (બકરી ઈદ)ની ૪/૫ દિવસની રજાઓમાં કચ્છ દર્શના આયોજનની જાહેરાત કરાઈ હતી.

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે** તા. ૩ ઓક્ટોબર થી તા. ૬ ઓક્ટોબર સુધીના આ કચ્છ દર્શનનું સંપૂર્ણ સૌજન્ય સ્વીકારેલ છે.

યુવાઓએ તા. ૧ યા ૨ ઓક્ટોબર ૨૦૧૪ ના તેરા પહોંચવાનું છે. તા. ૨ ઓક્ટોબર શુક્રવારના માતાજીના દર્શન કરી. રાતના નવરાત્રીમાં માતાજીની અર્ચના / ગરબા રાસનો લાભ લઈ શનિવાર તા. ૩ ઓક્ટોબરના સવારના ૮ વાગે પ્રયાણ થશે અને તા. ૬ ઓક્ટોબર ૨૦૧૪ના સોમવારના ભચાઉ સ્ટેશન ટ્રેનનાં સમયે રાતના ૯ વાગે પહોંચાડાશે (પાછા વળવાની ટીકીટ ભુજથી મુંબઈની EX ભચાઉની કઢાવવી).

કચ્છના દરેક તાલુકાને આવરી લેતા આ કાર્યક્રમની વિગત ભાગ લેનારને નામ નોંધાવતી વખતે મળશે એવં અન્ય સૂચનાઓ પણ અપાશે.

યુવાઓએ પોતાના હિસાબે તેરા પહોચવાની, ત્યાં રહેવાની અને પાછા મુંબઈ આવવાની ટીકીટની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

મોતા પરિવારના યુવાઓ વધુ ને વધુ સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાઈને માદરે વતન કચ્છની વિરાસતો - ઈતિહાસ અને ભવિષ્યના કચ્છની ઝાંખી જોઈ, જાણકારી મેળવે તે મહેચ્છા આ કાર્યક્રમ દ્વારા લાભાર્થી પરિવાર સેવે છે.

**સંપર્ક : કલ્પેશ મોતા (09821230802), કમલેશ સોની (09833308933)**

**યશ મર્કન્ટાઈલ LLP ૧૦૧, મહારત્ન બીઝનેસ પાર્ક,**
**દેરાસર લેન અને તિલક રોડના નાકે, ઘાટકોપર (ઈ),**

**નોંધ :** યુવાઓએ જુલાઈ ૨૦૧૪ની આખરમાં રેલ્વે ટીકીટો કાઢવી લેવાની છે. પોતાના નામ તા. ૧૦ ઓગસ્ટ ૨૦૧૪ સુધી રૂા. ૫૦૦/- (સીક્યુરિટી ડીપોઝીટ) સાથે નોંધાવવા. પ્રવાસમાં જોડાશો ત્યારે રૂા. ૫૦૦/- પરત કરાશે.

**લિ. ક.દ.ઓ. મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરાના ટ્રસ્ટીઓ એવં કાર્યકરોના જય માતાજી વાંચશોજી**

**સૌજન્ય : માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**
**- રાપર ગઢવારી - મુંબઈ**








## અચલગચ્છ પરિચય ભાગ - ૩ અચલગચ્છીય ગચ્છ નાયકો

### અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

શ્રી આર્યરક્ષિતસૂરિજી અને શ્રી કલ્યાણસાગરસૂરિજી વચ્ચે ૧૬ ગચ્છ નાયકો થયા છે, જેમનો પરિચય અચલગચ્છના ઈતિહાસમાં વિસ્તારથી અપાયો છે, પરંતુ અહીં તે અંગે કેટલીક મહત્વની હકીકતો રજુ કરીશ.

શ્રી જયસિંહસૂરિએ સં. ૧૧૯૭માં દીક્ષા લીધી. તેમના સમયમાં સિદ્ધરાજ જયસિંહની સભામાં શ્રીવાદિદેવસૂરિએ દિગમ્બરાચાર્ય કમુદચંદ્ર જોડે વાદ કરી તેને હરાવ્યો હતો, તે વખતે જયસિંહસૂરિજી તેમના ખાસ સહાયક રહ્યા હતા. સિદ્ધરાજ જયસિંહ તેમની શક્તિઓથી પ્રભાવિત થયો હતો અને તેમને યુગપ્રધાન પદથી વિભૂષિત કર્યા હતા.

ગચ્છનાયક શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજે અચલગચ્છની સમાચારી અને ગચ્છનું હાર્દ રજૂ કરતી શતપદીની સં ૧૨૬૩ માં રચના કરી.

ગચ્છનાયક શ્રી મહેન્દ્રસિંહસૂરિએ એ શતપદીનું ઉદ્ધરણ કરી શતપદી પશ્નોતર પદ્ધતિ કરેલ છે. આ શ્રી મહેન્દ્રસિંહસૂરિ મહારાજે અષ્ટોતરી તિર્થમાળાની રચના પણ કરેલી છે.

ગચ્છનાયક શ્રી ધર્મપ્રભસુરી મહારાજે ૧૩૮૯માં પ્રાકૃતમાં કાલકાચાર્ય કથા લખી, જેનો અનુવાદ અમેરિકાના ડો. બ્રાઉન તથા જર્મનીના ડો. લોયમેન અંગ્રેજીમાં કર્યો છે. આ અનુવાદ Story of Kalak ના નામે પ્રસિદ્ધ થયેલો છે. આ સૂરિજી મહાન તપસ્વી હતા અને તેમના ચરણોદકોથી વિવિધ વ્યાધિઓનો નાશ થયો હતો.

ગચ્છનાયક શ્રી મહેન્દ્રપ્રભસાગરસૂરિ સં.

---

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

૧૩૯૮માં ગચ્છ નાયક થયા, તે વખતે સંઘમાં શિથિલાચાર વ્યાપક બનતાં તેઓ અત્યંત ઉદાસીન થયા. તેમણે છ માસ આંયબિલનો તપ તથા સૂરી મંત્રનો જપ કરતાં દેવી પ્રસન્ન થયા અને ગચ્છની ઉન્નતિ થશે એવું વચન આપ્યું. તેમના શિષ્યો પૈકી શ્રી અભયદેવસૂરિના ઉપદેશથી શ્રી ગોડી પાર્શ્વનાથજીના પ્રતિમા ભરાયા કવિ ચક્રવર્તી શ્રી જયશેખરસૂરિપણ એમનાજ શિષ્યહતા અને તેમણે સંખ્યાબંધ ગ્રંથોની રચના કરી હતી. જેમાં 'જૈન કુમારસંભવ,' 'પ્રબોધ ચિંતામણિ,' 'નેમિનાથ ફાગુ,' તથા 'અજિત શાન્તિ સ્તવ', વગેરેનો સમાવેશ થાય છે.

તે પછી ગચ્છનાયક શ્રી મેરુતુંગસૂરિ વિ. સ. ૧૪૪૪માં પાટે આવ્યા, તેઓ આખા ય પશ્ચિમ ભારતમાં મહાન યોગસાધક તરીકે પ્રસિદ્ધ હતા. તેમને શ્રી ચક્રેશ્વરદેવી તથા શ્રી પદ્માવતીદેવીનું સાંનિધ્ય હતું. તેમણે "જૈન મેઘદૂત" "ચંદ્ર દર્શન સમુચ્ચ", "લઘુસપ્તપદી ભાષ્ય ટીકા", વગેરે અનેક ગ્રંથો રચેલા છે. તેમના વખતમાં મહાન શ્રાવક જેશાજી થયા જેમણે ધાર્મિક કાર્યોમાં તેત્રીશ લાખ સોનામહોરો ખરચી હતી. તેમને માટે જૈન શાસ્ત્રોમાં જેશો જગદાતાર નું બિરુદ આજ સુધી ગવાતું રહ્યું છે.

ગચ્છનાયક કલ્યાણસાગરસૂરિશ્વરજીને વિ. સ. ૧૬૪૯ માં અમદાવાદમાં આચાર્ય પદવી અપાઈ સં. ૧૬૭૨ માં ઉદેપુરના સંઘે તેમનો યુગ પ્રધાનપદથી વિભૂષિત કર્યા. કચ્છના મહારાવ ભારમલજી સાથે તેમનો સંબંધ નિકટનો હતો. બાદશાહ જહાંગીર પર તેમનો પ્રભાવ ઘણો હતો. તેઓ સમર્થ પટ્ટધર શાસન પ્રભાવક આચાર્ય, સફલ ઉપદેષ્ટા અને ઉચ્ચ કોટિના ગ્રંથકાર હતા. સ. ૧૭૧૮ ના વૈશાખ સુદિ ૧૩ના ભૂજમાં તેઓ સ્વર્ગવાસી થયા.

આપણે જોઈ ગયા કે અચલગચ્છનો ઈતિહાસ એ માત્ર જૈન શાસનના ઈતિહાસનો જ એક મહત્વનો ભાગ નથી, પરંતુ ભારતવર્ષના સાંસ્કૃતિક ઈતિહાસનું એક વિશિષ્ટ પ્રકરણ છે.

**પર્યુર્ષણ પહેલાંની અચલગચ્છીય પાંખીઓ**

**શ્રાવણ સુદ-૮, ૦૩.૦૮.૧૪, રવિ**
**શ્રાવણ સુદ -૧૫ (પુનમ) ૧૦.૦૮.૧૪, રવિ,**
**શ્રાવણ વદ -૫ ૧૫.૦૮.૧૪ શુક્ર**
**શ્રાવણ વદ - ૮, ૧૮.૦૮.૧૪ સોમ**

અચલગચ્છના બહુશ્રુત વિદ્વાનો, મહાન તપસ્વીઓ, મંત્રવાદીઓ તથા સાહિત્યકારોનો પ્રભાવ એમનો અનુયાયીઓ ઉપરાંત અન્ય ગચ્છો તથા જૈનેતર સંપ્રદાયો પર પણ સારા પ્રમાણમાં હતો. અચલગચ્છના પટ્ટધારોની ધર્મ પ્રવૃત્તિ સાથે સમાજ શિક્ષણ અને સાહિત્ય પ્રેમ જીવનના દરેક ક્ષેત્રોને આવરી લેતી પ્રવૃત્તિઓ પશ્ચિમ ભારતની સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે.

શ્રી કલ્યાણસાગસૂરીશ્વરજીનો કાળ અચલગચ્છનો સર્વોત્તમ કાળ હતો. તે પછી ગચ્છે દરેક બાબતમાં ઓટ અનુભવી. તેમની પછી દશ ગચ્છનાયકો થયા. તે પૈકી શ્રી રાજેન્દ્રસાગરસૂરિજીએ સં. ૧૮૮૯માં મુંબઈમાં અનંતનાથ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી અને શ્રી રત્નસાગરસૂરિજીના વરદ હસ્તે શ્રી શત્રૂંજય ગિરિરાજ પર શેઠ કેશવજી નાયકે સં. ૧૯૨૧ માં ૭૦૦૦ જિન બિંબોની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. છેલ્લા શ્રી જિનેન્દ્રસાગરસૂરિ સં. ૨૦૦૪ના કારતક વદ ૧૦ ના કચ્છ ભુજપુરમાં પોતાની પૌષધશાળામાં દેવગત થયા. (ક્રમશઃ)


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

## આત્મવિશ્વાસ કેળવી આનંદ અનુભવો

**વનિતા**



**વિશ્વ**

જ્યારે તમને કોઈ કહે, કે "તમે ખૂબ પ્રમોળ છો", "તમે આ કામ જરૂરથી કરી શકશો", "મને તમારા પર વિશ્વાસ છે." આવા હકારાત્મક વચનોથી તરત જ આપણો આત્મવિશ્વાસ વધી જાય. બાળકોને નાનપણથી જ આવા નક્કર પ્રોત્સાહન મળવા જોઈએ, જેથી એમનો આત્મવિશ્વાસ ખીલે. આમાં માતા - પિતા અને શિક્ષકોનો ફાળો બહુ મોટો હોય છે.

આમ જોવા જાવ તો છેલ્લાં ૩૦ - ૪૦ વર્ષોમાં આપણી સામાજિક સ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. ખાસ કરીને મહિલા અને બાળકોનાં જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયું. શિક્ષણ, આધુનિક ટેકનોલોજી એટલે કે કોમ્પ્યુટર, મોબાઈલ, સ્માર્ટ ફોન્સની સાથે વોશિંગ મશીન, મિક્સર - ગ્રાઈંડર, માઈક્રોવેવ વિગેરે.

એ ઉપરાંત કરતાં પૈસાની છુટ ઘણી થઈ ગઈ છે. ભલે મોંઘવારી વધી હોય પણ હવે મહિલાઓ પણ કમાતી થઈ ગઈ. સારી વાત છે, પણ જ્યારે આપણે આત્મવિશ્વાસની વાત કરીએ ત્યારે એ પણ ધ્યાન રાખવું પડશે કે આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ. સ્માર્ટ હોવું અને ઓવરસ્માર્ટ હોવું અને ઓવરકોન્ફિડન્ટ હોવું એમાં પણ અંતર છે.

જ્યારે બાળકને નાનપણથી જ સતત ચિંતા ભય, ટેન્શન અને ચેતવણી કે ધમકી આપવામાં આવે તો શું થાય? માતા - પિતા દ્વારા જો નકારાત્મક વચન કહેવામાં આવે જેમ કે "આ ગણિતનો વિષય તો અઘરો છે તારાથી નહિ થાય", "સંભાળજે, નહિ તો વાગી જશે" વિગેરે ત્યારે એ બાળક ડર, શંકા અને ભયમાં મોટું થશે અને તેનો આત્મવિશ્વાસ કે આત્મશ્રદ્ધા ઘટતા જશે. આ બાળકનાં માનસમાં એક જ છાપ અંક્તિ થશે કે આવું અઘરું કામ કરવા માટે પોતે શક્તિમાન નથી.

જ્યાં પણ કંઈ અઘરું કામ આવે કે પરેન્ટસ એને કેમ કરીને સહેલું કરીને બાળકને આપવું એની પળોજણમાં પડી જાય છે. હવે તો કોલેજ એડમિશન કે કોચિંગ ક્લાસ કે ટ્યુશન બધું માતા - પિતાજ ભાગદોડ કરીને નક્કી કરે, કારણ? કારણકે અમારા ચિરંજીવીને સમય જ નથી મળતો (એવું માતા - પિતા માને છે). વિષય ભણવામાં અઘરો લાગે છે, એકસ્ટ્રા ટ્યુશન રાખી લો.

આવા અભિગમ સાથે ઉછરેલું બાળક જીવનની ચેલેન્જીસનો સામનોકઈ રીતે કરે? એણે ક્યારેય જીવનમાં કઠિન સમય જોયો જ નથી, એટલે જો જરાક જીવનમાં કંઈ ઊંચું નીચું થયું તો એનો સામનો કરવાની શક્તિ કે હિંમત જ નથી. એ કપરા સમયમાં ભાંગી પડે છે. ડિપ્રેશનમાં આવી જાય છે. ડિપ્રેશન, આ નામ પણ છેલ્લાં થોડાં વર્ષોમાં વધારે ગાજતું થયું છે. હતાશા, નિરાશા, ડિપ્રેશન આ દિશામાં નથી જ જવું. આ ડિપ્રેશનનો વિરોધ શબ્દ છે કોન્ફિડન્સ. આ બીજી દિશા છે આત્મવિશ્વાસની.

આ કોન્ફિડન્સ એટલે શું? એક એટલે શું? એક એવી ફીલીંગ, જેમાં તમને તમારી યોગ્યતા, લાયકાત પર પૂરતો ભરોસો હોય. જેના દ્વારા જીવનમાં કોઈપણ પડકારને તમે વધાવી લો. એનાથી ડરો નહિ, ડગમગો નહિ પણ હિંમતથી એનો સામનો કરો. આ ગુણ અંતરનાં ઊંડાણમાંથી આવે અને બાહ્ય રીતે તમારી એક્શનમાં દેખાય. બહારથી તમે જે કોઈ નાના મોટાં કામ કરો એમાં વ્યક્તિનું "સાઈકિક લેવલ" ખબર પડે.

આજકાલ મોટા ભાગે લોકોની સેલ્ફ એસ્ટીમ કે કોન્ફિડન્સ બાહ્ય વસ્તુઓ, જેમ કે સારામાં સારા કપડાં, લેટેસ્ટ મોબાઈલ ફોન, મોંઘીદાટ વસ્તુઓ ખરીદવી કે એનાં પદ - પ્રતિષ્ઠા પર નિર્ભર હોય છે. કોઈ કારણસર આક બંધુ ન હોય તો એ હતાશ થઈ જાય. આનો અર્થ એવો નથી કે તમે સુખ - સગવડનાં સાધનો ન વસાવો પણ એના લીધે, દેખાડો કરીને સારું લગાડવું એ ખતરારૂપ છે.

સેલ્ફ કોન્ફિડન્સ એટલે આપણે તો પોતાનાં પર, સેલ્ફ પર, પોતાની આવડત અને હિંમત પર નિર્ભર રહેવું છે. આ એક એકડો શીખી લઈએ તો સુખ - સગવડ, પૈસો, પદ, પ્રતિષ્ઠા એ બધું આપમેળે આવી મળે એમાં બેમત નથી.

ઘણીવાર આપણાં મનમાં, મસ્તિષ્કમાં ઘણો જૂનો કચરો પડયો હોય, ભૂતકાળની કડવી યાદો, બાળપણનાં કોઈ કડવા અનુભવ વિગેરે ક્યારેક

તો આપણને એની જાણ સુધ્ધાં ન હોય એવું બને, પણ અંદરથી ખુશી, આનંદ ન હોય, વાણીમાં કડવાશ આવી જાય, વિચારોમાં ભય, ચિંતા, હતાશાનો ભાર હોય.

તો શું કરવું? આંખ બંધ કરી એક જગા પર બેસો કે સૂઓ. આપણે જેમ ટેપ રેકોર્ડરમાં ઈજેક્ટ બટન દબાવીને કેસેટ બદલીઓ એવી જ રીતે હવે પોતાની સારી ટેપ ચાલુ કરો. એટલે કે પોતાની સાથે મુલાકાત કરી કહો કે મારી પાસે બીજો રસ્તો છે એ પર ચાલવું છે. હું એક સારી વ્યક્તિ છૂં, મારામાં ઊંધાને સીધું કરવાની આત્મિક તાકાત છે. શરૂઆત યોગથી જ કરું. આજથી રોજ નિયમિત ૩૦ - ૪૦ મિનિટ મારાં આસન - બેલેન્સીંગ, બ્રીધીંગ, ધ્યાન માટે આપીશ. બહાર દોડાદોડ કરી ભટકવાનું બંધ. આજથી હું મારી સંપુર્ણ જવાબદારી લઉં છું. મારાં શરીર, મનને સ્વસ્થ કરીશ. બહારનાં ડોક્ટર્સ, યોગશિક્ષક, થેરાપિસ્ટની જરૂરિયાત મુજબ મદદ, સહકાર લઈશ, પણ ક્યાંય આંધળુકિયા નહિ. આનંદથી જીવવું છે. એ મારી અંદર જ છે. જ્યાં સુધી ખરો આનંદ પ્રકટ ન થાય ત્યાં સુધી ભલે કૃત્રિમ આનંદ લાવીએ, મલકાઈ ઊઠીએ, કોઈ કારણ વગર. એ એક કૃત્રિમ મુસ્કાન પણ કેવી હળવાશ લાવે છે, પ્રયત્ન કરી જૂઓ.

આવી જ રીતે એક મહિલાએ કેવું પોતાની જીવનપરિવર્તન કર્યું એ જાણીએ : એનું નામ છે ઉજ્જવલા. એનું વધતું વજન, હંમેશ એના માટે ચિંતાનો વિષય હતો. એને જ્યારે પણ ટેન્શન આવે એટલે વજન પાછું વધે. નવી નોકરી હોય કે પતિ સાથે કંઈ ઊંચ - નીચ થાય કે ઘરમાં કોઈ માંદુ પડે તો એ તરત જ ઈમોશનલી અપસેટ થાય અને વજન વધ્યા કરે. એથી વધારે ડિસ્ટર્બ થાય, વધુ ખાવાની ઈચ્છા થાય અને વજન વધે. આમ ચક્કર ચાલ્યા કરે.

એમાં એણે યોગ શીખવાનું ચાલુ કર્યું. એકાદ મહિનામાં એનો કોન્ફિડન્સ વધવા લાગ્યો, એનાથી ત્રિકોણાસન, જે થતું જ ન હતું એ થવા લાગ્યું. એને ખુબ આનંદ થયો. એનાંથી બ્રીધીં ગ અને આસન બંને સારી રીતે થવા લાગ્યા. હકીકતમાં આસનની સાથે શ્વસનક્રિયા, આ સમન્વયથી એને ખૂબ સારું લાગવા લાગ્યું. એનો ઉત્સાહ વધ્યો. એને લાગ્યું કે એ સફળતાનાં રસ્તે આગળ વધી રહી છે.

એને સમજ પડી કે, જ્યારે એ ઈમોશનલી અપસેટ રહેતી ત્યારે અજાણતાંપણ કઈ રીતે એનો શ્વાસ રોકાઈ જતો હતો અથવા ટૂંકો થતો હતો. એને બ્રીધીંગનું મહત્વ સમજાયું. હવે જાગૃક્તાથી એ બેલેન્સીંગ - બ્રીધિંગ કરવા લાગી. એની લાગણીઓમાં પણ સાકારાત્મક ફેફાર થવા લાગ્યા. એણે પોતાની પૂરી જવાબદારી લીધી. એની પહેલાં એ લાચાર બની કોઈની મદદની રાહ જોતી. હવે એનું વધારાનું વજન ઝડપથી ઘટવા લાગ્યું. સરળતાથી લગભગ ૧૭ કિ. ગ્રા. વજન ઓછું થયું. એની સામે એનો કોન્ફિડન્સ ૧૭ ગણો વધ્યો. એ હવે પોતાનાં શરીર અને મનની સંભાળ લેતી થઇ ગઇ.

ઉજ્જવલા કહે છે, મારે માટે યોગની પ્રેકટિસ એ જાણે કોન્ફિડન્સ નામનું વિટામીન લેવા બરાબર છે. આ ચમત્કાર થયો કારણ એણે સ્વ પર કામ કરવાનું ચાલુ કર્યું. આજે ઉજ્જવલા એનાં જીવનમાં આનંદ અને સફળતાનો અનુભવ લઈ રહી છે. આપણે પણ આવો અનુભવ કરવો છે? ગેટ, સેટ, ગો....

***- બીના ગાંધી,***
***જન્મભુમિમાંથી સાભાર***


**પહેલી વર્ષગાંઠ નિમિત્તે**

**જેન્યુન ડિસ્કાઉન્ટ**

**તા. ૫ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ ૨૦૧૪**

**અવસર સારીઝ**

- કસબ/જીંક કસબ સાડીઓ
- કસબ ચણીયા ચોલી
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા
- બોર્ડરો
- બાંધણીઓ
- પાનેતર
- બાંધણી પંજાબી સુટ
- પટોળા

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
સાધના હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.
Tel. No. 2416 4239

**દિનેશ દેઢિયા** **92234 25676**

**ભાવિન દેઢિયા** **98197 23119**

## YOUR CRICKET TO LIFE (Part - 2)

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

**2. Protect Your Wicket.**

The primary objective of the game of cricket is for the batsman to protect his wicket. Scoring runs is secondary. This is logical because a batsman cannot score runs if he is out. So long as he is at the crease, there is a hope of scoring runs. So protecting your life or capital and investment is paramount.

At the same time earning profit is equally important. It is like buying a new umbrella and not using it in rains because it will become old. Take every measure to offload your transaction risks to someone else – the supplier, the buyer, the insurance company, the bank, the middle-man. Take every measure to reduce business risk by thinking through properly and doing high quality home work. There is a clear difference between protection and over-protection. An overcautious batsman loses his wicket early as he is playing in the hands of the bowler and the fielders. One saves you and keeps you going for a longer time while the other cripples. Whether you are playing the game of cricket or the game of business or life, you need to take risks. Otherwise you just can't score runs, take wicket, take catches, hit the stumps, make a sale, negotiate a deal, enter into partnerships or joint ventures or steal a sharp single. Learn to differentiate between risk-taking and recklessness. In risk-taking, there is a strong element of hedging the risks and protecting your wicket.So to live we have to protectively risk life.

**3. BOUNCERS.**

Especially if the competition perceives you as a weak batsman – more like a tail-ender. It will hurl bouncers at you. That's the cricket equivalent of a red-carpet welcome. It is almost guaranteed. The opposition has very civilised people, you know! They may slash their rates in your honour or introduce attractive schemes (buy a camel and get an elephant free, for example). They may even secretly name them after you, or aim for your head through your helmet. It's not a cake walk-in cricket or in business, or for that matter, in life. So anticipate bouncers. Learn to deal with them. The best way to stop that nonsense and get them down to serious business is to master the pull shot and treat the bowlers with it. Some T20 innovative shots also come handy. They are amazing and the side effect is, the bowler quickly learns his lesson, intelligent that he is. They say, a bowler is only as good as the batsman allows him to be.

**4. Play your natural game.**

Be flexible while playing. Bat, bowl, keep wickets, field in specialized position, do whatever; but stick to your natural style of living or doing business. If you are by nature a steady player, like Rahul Dravid, play mostly that way. Nothing however stops you, if conditions favour, to take a bowler to the laundry and score 20 runs of his one over (in a test match, that is!) including two back to back sixes.

Identify whether you are an aggressive human being or a businessman or a steady, low key one. No style is good or bad. Whatever works for you, is good for you. To live in modesty or extravagance is your choice. So go ahead and play!

**5. Don't let big names scare you.**

It is by following this principle that one little new entrant to the field of test cricket defied menacing West Indian bowlers and went on to become a legend during his life-time. His name is Sunil Gavaskar. A boy called Narendra Modi, who worked as a tea vendor becomes the Prime Minister of India. Brands Ujala and Nirma dethroned the ruling detergent brands. If they can so can you. Just decide to do it. Play on merits!




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

**6. CALCULATED RISKS.**

